# કોલકાતાનો મુંબઈ સામે 220 રનનો મજબૂત સ્કોર

**અજિંક્ય** રહાણે અને રઘુવંશીની આક્રમક અડધી સદી




મુંબઈ, તા. 29 (પીટીઆઈ): રવિવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે (KKR) મુંબઈ ઈન્ડિયન્સ સામે 4 વિકેટે 220 રનનો વિશાળ સ્કોર ખડક્યો છે. કેપ્ટન અજિંક્ય રહાણેએ માત્ર ૪૦ બોલમાં ૬૭ રન (5 છગ્ગા, 3 ચોગ્ગા) ફટકારી આક્રમક બેટિંગ કરી હતી, જ્યારે અંગક્રિશ રઘુવંશીએ 51 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

રહાણેએ ટ્રેન્ટ બોલ્ટ અને હાર્દિક પંડ્યાની ઓવરમાં આકર્ષક શોટ્સ ફટકારી ટીમને તોફાની શરૂઆત અપાવી હતી.

ફિન એલને પણ 17 બોલમાં 37 રન ઝૂડી કાઢ્યા હતા.

મુંબઈ તરફથી શાર્દુલ ઠાકુરે શાનદાર બોલિંગ કરતા 39 રન આપી 3 મહત્વની વિકેટો ઝડપી હતી. તેણે રહાણે અને કેમેરોન ગ્રીનને આઉટ કરીને કોલકાતાની રન ગતિ પર બ્રેક લગાવી હતી. જસપ્રિત બુમરાહને ભલે વિકેટ ન મળી, પરંતુ તેણે અંતિમ ઓવરોમાં શિસ્તબદ્ધ બોલિંગ કરી જેના કારણે KKR 250 રન સુધી પહોંચતા અટકી ગયું હતું.

હાર્દિક પંડ્યાએ એક ઓવરમાં 26 રન આપ્યા હતા, જે મુંબઈ માટે મોંઘા સાબિત થયા હતા.

| કોલકાતા નાઈટ રાઈડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રહાણે કો હાર્દિક બો શાર્દુલ | 67 | 40 | 3 | 5 |
| એલેન કો તિલક બો શાર્દુલ | 37 | 17 | 6 | 2 |
| કેમરોન કો રધરફોર્ડ બો શાર્દુલ | 18 | 10 | 1 | 1 |
| રઘુવંશી કો તિલક બો હાર્દિક | 51 | 29 | 6 | 2 |
| રિંકુ અણનમ | 33 | 21 | 4 | 0 |
| રમનદીપ અણનમ | 4 | 4 | 0 | 0 |
| વધારાના | 10 | | | |
| કુલ 20 ઓવરમાં 4 વિકેટે | 220 રન | | | |

**વિકેટ પતન**: 1/69, 2/109, 3/145, 4/205

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ટ્રેન્ટ બોલ્ટ | 4 | 0 | 38 | 0 |
| હાર્દિક પંડ્યા | 3 | 0 | 39 | 1 |
| એ એમ ઘાઝાનફર | 4 | 0 | 51 | 0 |
| જસપ્રીત બુમરાહ | 4 | 0 | 35 | 0 |
| શાર્દુલ ઠાકુર | 4 | 0 | 39 | 3 |
| મયંક માર્કંડેય | 1 | 0 | 16 | 0 |

# આજે યુવા ખેલાડીઓથી સજ્જ CSK અને રાજસ્થાન વચ્ચે મુકાબલો

**સેમસન** અને જાડેજા પોતાની ભૂતપૂર્વ ટીમ સામે રમતા દેખાશે મેચનું જીવંત પ્રસારણ જિયોસ્ટાર નેટવર્ક પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી




ગુવાહાટી, તા. 29 (પીટીઆઈ): સોમવારે રમાનારી આઈપીએલ મેચમાં ક્રિકેટ ચાહકોને એક મોટો ફેરફાર જોવા મળશે. એક દાયકા સુધી રાજસ્થાન રોયલ્સ (RR) ની કેપ્ટનશીપ કરી હતી તે સંજુ સેમસન હવે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) તરફથી રમતા જોવા મળશે, જ્યારે રવીન્દ્ર જાડેજા ફરી પોતાની જૂની ફ્રેન્ચાઈઝી રાજસ્થાનમાં પરત ફર્યો છે. સેમસન હાલમાં શાનદાર ફોર્મમાં છે અને ટી-20 વર્લ્ડકપની જીતમાં તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી.

MS ધોની ઈજાના કારણે આગામી બે અઠવાડિયા સુધી બહાર હોવાથી ચેન્નાઈની કમાન ઋતુરાજ ગાયકવાડ અને સંજુ સેમસનના ખભા પર રહેશે.

બીજી બાજુ, રાજસ્થાન રોયલ્સમાં સેમસનની વિદાય સાથે એક યુગનો અંત આવ્યો છે અને હવે રિયાન પરાગ પોતાના હોમ ગ્રાઉન્ડ પર ટીમની કેપ્ટન્સી સંભાળશે.

રાજસ્થાન માટે યશસ્વી જયસ્વાલ અને શિમરોન હેટમાયર બેટિંગનો મુખ્ય આધાર રહેશે, જ્યારે બોલિંગમાં જોફ્રા આર્ચરે જવાબદારી ઉઠાવવી પડશે.

ગત સીઝનમાં બંને ટીમોનું પ્રદર્શન નબળું રહ્યું હતું, તેથી આ વખતે બંને ટીમો જીત સાથે નવી શરૂઆત કરવા ઈચ્છશે.

# મિયામી ઓપનઃ સબાલેન્કાએ કોકો ગફને હરાવી સતત બીજી વાર ટાઈટલ જીત્યું

**આ** જીત સાથે સબાલેન્કા ઇગા સ્વીટેક બાદ 'સનશાઇન ડબલ' પૂર્ણ કરનારી પ્રથમ ખેલાડી બની



મિયામી ગાર્ડન્સ (યુએસએ): શનિવારે રમાયેલી મિયામી ઓપન વિમેન્સ સિંગલ્સની રોમાંચક ફાઈનલમાં વર્લ્ડ નંબર 1 એરિના સબાલેન્કાએ ચોથા ક્રમની કોકો ગફને 6-2, 4-6, 6-3થી હરાવીને ચેમ્પિયનપદ હાંસલ કર્યું છે. આ જીત સાથે સબાલેન્કા 2022માં ઈગા સ્વીટેક બાદ 'સનશાઈન ડબલ' (એક જ સીઝનમાં ઈન્ડિયન વેલ્સ અને મિયામી ઓપન બંને જીતવા) પૂર્ણ કરનારી પ્રથમ ખેલાડી બની છે.

2 કલાક અને 11 મિનિટ ચાલેલા આ મુકાબલામાં સબાલેન્કાએ પ્રથમ અને ત્રીજા સેટમાં પોતાના પાવરફુલ ગ્રાઉન્ડસ્ટ્રોક્સથી ગફ પર દબાણ બનાવ્યું હતું.

ગફે બીજા સેટમાં વળતી લડત આપી મેચને ત્રીજા સેટ સુધી ખેંચી હતી, પરંતુ નિર્ણાયક ક્ષણોમાં સર્વિસ અને ભૂલોને કારણે તે પાછળ રહી ગઈ હતી.

આ જીત સાથે સબાલેન્કાએ ગફ સામેનો પોતાનો હેડ-ટુ-હેડ રેકોર્ડ હવે 7-6 કર્યો છે.

મેચ દરમિયાન પ્રેક્ષકોના શોરબકોરને કારણે સબાલેન્કા થોડી અકળાઈ હતી અને એક ચાહક સાથે તેની બોલાચાલી પણ થઈ હતી, જેના માટે તેણે બાદમાં માફી માગી હતી. આ ટૂર્નામેન્ટમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પૌત્રી કાઈ ટ્રમ્પ પણ હાજર રહી હતી. સબાલેન્કાએ તેની કારકિર્દીનું આ 24મું પ્રોફેશનલ ટાઈટલ જીત્યું છે.

# બેન ડકેટના હટવાથી સુનીલ ગાવસ્કર રોષે ભરાયા, BCCI પાસે કડક સજાની માગ

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટ ગાવસ્કરના મતે, છેલ્લી ઘડીએ નામ પાછું ખેંચવું એ ટીમના આયોજનને ખોરવી નાખે છે



નવી દિલ્હી, તા. 29: ઈંગ્લેન્ડના ઓપનર બેન ડકેટે IPL 2026 શરૂ થવાના ગણતરીના દિવસો પહેલા જ પોતાનું નામ પાછું ખેંચી લીધુ હતું જેના પગલે વિવાદ સર્જાયો છે. દિલ્હી કેપિટલ્સે તેને રૂ. 2 કરોડમાં ખરીદ્યો હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય કરિયર અને કાઉન્ટી ક્રિકેટનું કારણ આપી તે ખસી ગયો છે. આ મામલે પૂર્વ દિગ્ગજ ખેલાડી અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, હાલનો 2 વર્ષનો પ્રતિબંધ પૂરતો નથી અને BCCIએ આવું કરનારા ખેલાડીઓ સામે વધુ કડક પગલાં લેવા જોઈએ.

ગાવસ્કરનું માનવું છે કે ડકેટને ધ હંડ્રેડ ઓક્શનમાં સારી કિંમત મળી ગઈ છે એટલે તે હવે આઈપીએલ છોડી રહ્યો છે. ગાવસ્કરના મતે, છેલ્લી ઘડીએ નામ પાછું ખેંચવું એ ટીમના આયોજનને ખોરવી નાખે છે. તેમણે સમજાવ્યું કે સજા એવી હોવી જોઈએ જેની ઊંડી અસર ખેલાડી પર પડે.

ડકેટનું તાજેતરનું એશેઝ ફોર્મ પણ ખરાબ રહ્યું હતું. ગાવસ્કર માને છે કે જો સજા વ્યક્તિગત સ્તરે આકરી નહીં હોય, તો વિદેશી ખેલાડીઓ IPLને આ રીતે ગંભીરતાથી લેવાનું ટાળશે.

# ફોર્મ્યુલા 1: મર્સિડીઝના કિમી એન્ટોનેલીનો સતત બીજો વિજય

**જાપાનીઝ** ગ્રાન્ડ પ્રિક્સમાં વિજય સાથે એન્ટોનેલી સીઝન સ્ટેન્ડિંગમાં લીડ મેળવનાર સૌથી નાની વયનો ડ્રાઈવર બન્યો




સુઝુકા, તા. 29 (એપી): મર્સિડીઝના 19 વર્ષીય ઈટાલિયન ડ્રાઈવર કિમી એન્ટોનેલીએ રવિવારે જાપાનીઝ ગ્રાન્ડ પ્રિક્સ જીતીને સતત બીજી ફોર્મ્યુલા વન રેસ પોતાના નામે કર્યો છે. એન્ટોનેલીએ મેકલેરનના ઓસ્કાર પિયાસ્ટ્રીને 13.7 સેકન્ડના અંતરથી પાછળ છોડી શાનદાર વિજય મેળવ્યો હતો. આ જીત સાથે તે સીઝન સ્ટેન્ડિંગમાં લીડ મેળવનાર સૌથી નાની વયનો ડ્રાઈવર બન્યો છે. ફેરારીનો ચાર્લ્સ લેક્લર્ક ત્રીજા અને મર્સિડીઝનો જ્યોર્જ રસેલ ચોથા ક્રમે રહ્યો હતો.

રેસ દરમિયાન એન્ટોનેલીની શરૂઆત ખરાબ રહી હતી અને તે છઠ્ઠા ક્રમે ધકેલાઈ ગયો હતો, પરંતુ ઓલિવર બેરમેનની કાર ટાયર બેરિયર સાથે અથડાતા 'સેફ્ટી કાર' તૈનાત કરવામાં આવી, જે એન્ટોનેલી માટે નસીબવંત સાબિત થઈ. બીજી તરફ, મેકલેરનની કારમાં અગાઉ ઈલેક્ટ્રિકલ ખામીઓ સર્જાઈ હતી, જે આ વખતે સુધરેલી જોવા મળી હતી. ફેરારી માટે રમી રહેલા લુઈસ હેમિલ્ટને છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું.

## નવી કાર પદ્ધતિ અને પડકારો

વર્ષ 2026ની નવી કાર કોન્ફિગરેશનમાં એન્જિન અને ઇલેક્ટ્રિક બેટરી પાવર વચ્ચે 50-50 ટકાનો હિસ્સો રાખવામાં આવ્યો છે. આ નવી પદ્ધતિની કાર ગત સીઝન કરતા વધુ હળવી, સાંકડી અને ટૂંકી છે. જોકે, ઘણા ડ્રાઈવરોએ આ આમૂલ ફેરફારો અને નવા નિયમોની ટીકા કરી છે. મર્સિડીઝે આ નવી ટેક્નોલોજી પર પકડ જમાવી લીધી હોય તેમ લાગે છે, કારણ કે સીઝનની શરૂઆતની ત્રણેય રેસમાં મર્સિડીઝનો જ દબદબો રહ્યો છે.

## લાંબા વિરામ બાદ થશે ત્રીજી રેસ

ઈરાનમાં યુદ્ધની સ્થિતિને કારણે એપ્રિલમાં બહેરીન અને સાઉદી અરેબિયામાં યોજાનારી રેસ રદ કરવામાં આવી છે. આથી, ફોર્મ્યુલા વનમાં હવે પાંચ અઠવાડિયાનો લાંબો બ્રેક રહેશે. હવે પછીની રેસ 3 મેના રોજ મિયામીમાં યોજાશે.

## સુડોકુ ૬૪૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૧ | | ૫ | ૩ | ૯ | ૬ | |
| ૬ | | ૩ | | ૪ | ૭ | | | ૧ |
| ૨ | | ૮ | | ૯ | ૬ | ૭ | ૩ | |
| ૮ | | ૨ | ૫ | ૧ | | | | ૯ |
| ૧ | | ૯ | | ૩ | | | | ૫ |
| | ૪ | | | ૮ | | ૧ | | ૩ |
| ૫ | ૮ | ૭ | ૪ | | ૧ | ૩ | ૯ | |
| ૩ | ૧ | | | ૭ | ૫ | | ૪ | ૨ |
| | | | | | ૮ | | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### વાત રોગ

વા કે વાત રોગ શરીરમાં દુખાવો લઈને આવે છે. હાલતાં ચાલતાં સાંધા દુઃખે. શરૂઆત હોય તો આ એક સાદો પ્રયોગ ચાલુ કરો. મેથી દળી કરેલું ચૂર્ણ રોજ સવાર, સાંજ એક એક ચમચી મોળા દહીંની બનાવેલી તાજી છાશ સાથે લો. રાતે હુંફાળા પાણીમાં લો.

# કાયલા રેનેકેએ અંતિમ બોલે છગ્ગો ફટકારી સાઉથ આફ્રિકાને જીતાડ્યું



ક્રાઈસ્ટચર્ચ (ન્યૂઝીલેન્ડ), તા. 29: ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વનડેમાં સાઉથ આફ્રિકાને જીતવા માટે અંતિમ બોલમાં 6 રનની જરૂર હતી. અનુભવી સુઝી બેટ્સ બોલિંગ પર હતી ત્યારે 20 વર્ષીય ઓલરાઉન્ડર કાયલા રેનેકેએ ઘૂંટણિયે બેસીને શાનદાર છગ્ગો ફટકારી ટીમને 2 વિકેટે યાદગાર વિજય અપાવ્યો હતો.

દિગ્ગજ સુજી બેટ્સની છેલ્લી ઓવરના પ્રથમ બોલ પર રેનેકેએ એક રન લીધો હતો, જ્યારે બીજા બોલ પર તુમી સેખુખુનેએ સિંગલ લઈને રેનેકેને સ્ટ્રાઈક આપી હતી. રેનેકેએ ત્રીજા બોલ પર છગ્ગો ફટકાર્યો હતો. જોકે સુજી બેટ્સે ત્યારબાદની બે બોલ પર કોઈ રન ન આપતા સમીકરણ બદલાયું અને છેલ્લા બોલ પર 6 રનની જરૂર હતી ત્યારે રેનેકેએ શાનદાર છગ્ગો ફટકારી દ. આફ્રિકાને જીત અપાવી.

રેનેકેએ 32 બોલમાં અણનમ 42 રન બનાવ્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ મેચનો પુરસ્કાર મળ્યો હતો. આ સાથે જ તે એકથી વધુ ફોર્મેટમાં ડેબ્યુ પર પ્લેયર ઓફ ધ મેચ જીતનાર પ્રથમ મહિલા ખેલાડી બની છે. આ વર્ષની શરૂઆતમાં રેનેકેએ પાકિસ્તાન વિરૂદ્ધ પોતાના ટી-20 ડેબ્યુમાં પણ આ પુરસ્કાર જીત્યો હતો.

# ફૂટબોલ વર્લ્ડકપની તૈયારીઓ વચ્ચે અમેરિકાનો બેલ્જિયમ સામે કારમો પરાજય

**બેલ્જિયમે** મૈત્રીપૂર્ણ મેચમાં અમેરિકાને 5-2થી હરાવીને આંચકો આપ્યો



એટલાન્ટા, તા. 29 (એપી): આગામી ફૂટબોલ વર્લ્ડકપની યજમાની કરવાની તૈયારી કરી રહેલી અમેરિકાની ટીમને બેલ્જિયમે મૈત્રીપૂર્ણ મેચમાં 5-2થી હરાવીને મોટો આંચકો આપ્યો છે.

મેચની 39મી મિનિટે વેસ્ટન મેકેન્નીએ ગોલ કરીને અમેરિકાને સરસાઈ અપાવી હતી, પરંતુ ત્યારબાદ બેલ્જિયમે સતત પાંચ ગોલ કરીને અમેરિકન ડિફેન્સની નબળાઈઓ છતી કરી દીધી હતી. 1959 પછી પ્રથમ વખત અમેરિકા ઘરઆંગણે પહેલો ગોલ કર્યા બાદ ત્રણ કે તેથી વધુ ગોલના અંતરથી હાર્યું છે.

અમેરિકાના કોચ મૌરિસિયો પોચેટિનોએ હાર બાદ ટીમને ચેતવણી આપતા કહ્યું કે, 'માત્ર અમેરિકન હોવું પૂરતું નથી, મેદાન પર આક્રમકતા અને જોશ બતાવવો જરૂરી છે.' સ્ટાર ખેલાડી ક્રિશ્ચિયન પુલિસિક ગોલ કરવાની અનેક તકો ગુમાવતા નિરાશ દેખાયો હતો. બેલ્જિયમ તરફથી ડોડી લુકેબાકિયોએ બે ગોલ કર્યા હતા. વર્લ્ડકપ માટે ટીમની પસંદગી પહેલા અમેરિકા હવે મંગળવારે પોર્ટુગલ સામે ટકરાશે. આ હાર અમેરિકા માટે 'રિયાલિટી ચેક' સમાન છે.

## શબ્દગુંફન - ૭૧૯૧

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. એક ગામથી બીજે ગામ જવું તે (૪)
૫. સોનું (૨)
૭. ધીરજ (૪)
૮. તંદુરસ્ત, નિરોગી (૨)
૯. પારકા પૈસા (૪)
૧૧. સમજણ (૨)
૧૨. મોટાઈ, પધરામણી (૪)
૧૫. નવું, નવીન (૪)
૧૭. આદમી (૨)
૧૮. આકાશ (૨)
૧૯. દયાવાળું, દયાળું (૪)
૨૦. સાડીનો લટકતો છેડો (૩)
૨૨. હાથ (૨)
૨૪. સૂર્ય (૩)
૨૬. સુરક્ષા બક્ષવી તે, રક્ષણ (૪)
૨૭. ઔષધ (૨)
૨૮. વીસ દ્યા કાગળ (૨)
૨૯. જનક રાજાની પુત્રી (૩)
૩૦. મીટ, અનિમેષ નજર (૨)
૩૧. ફળો વગેરેનું પ્રવાહી (૨)

**ઊભી ચાવી**
૨. મોર (૩)
૩. રોકવું, રોકાવું કે ગુંગળાવું તે (૩)
૪. બદનામી, અપકિર્તી (૪)
૬. ચિંતન (૩)
૯. પરાયુ, અન્ય (૨)
૧૦. સંતોષ (૩)
૧૧. સ્વચ્છ, ચોખ્ખું (૨)
૧૨. દૂધ-દહીંની પોપડી (૨)
૧૩. બૂમાબૂમ, હોકારા (૬)
૧૪. જીવ,પ્રાણ (૨)
૧૫. આકાશ (૨)
૧૬. ચંચળ, અસ્થિર (૩)
૧૭. જન્મ આપનાર પિતા (૩)
૧૮. આશરે આવેલું (૩)
૨૦. પર્ણ, પાંદડું (૨)
૨૧. રહેઠાણ, વસવું તે (૪)
૨૩. પ્રથા, રિવાજ (૩)
૨૫. વાયુ (૩)
૨૮. રોષ, ગુસ્સો (૨)

# એઝટેકા સ્ટેડિયમ વર્લ્ડકપ માટે તૈયાર: મેક્સિકો અને પોર્ટુગલ વચ્ચેની મેચ ડ્રો

**પોર્ટુગલની** ટીમમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને રાફેલ લીઆઓ ગેરહાજર રહ્યા હતા



મેક્સિકો સિટી, તા. 29 (એપી): વર્લ્ડકપ 2026 માટે લગભગ બે વર્ષ સુધી ચાલેલા રિનોવેશન બાદ ઐતિહાસિક એઝટેકા સ્ટેડિયમ ફરીથી ખુલ્લું મુકાયું છે. આ પ્રસંગે મેક્સિકો અને પોર્ટુગલ વચ્ચે રમાયેલી વોર્મ-અપ મેચ 0-0થી ડ્રો રહી હતી.

પોર્ટુગલના ગોન્ઝાલો રામોસ પાસે 26મી મિનિટે ગોલ કરવાની શ્રેષ્ઠ તક હતી, પરંતુ બોલ ગોલપોસ્ટ સાથે અથડાયો હતો. આ સ્ટેડિયમ આગામી વર્લ્ડકપની પાંચ મેચોની યજમાની કરશે, જેમાં ઉદઘાટન મેચનો પણ સમાવેશ થાય છે. બંને ટીમો પોતાના સ્ટાર ખેલાડીઓ વિના મેદાનમાં ઉતરી હતી. મેક્સિકોના 6 મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત હતા, જ્યારે પોર્ટુગલની ટીમમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને રાફેલ લીઆઓ ગેરહાજર રહ્યા હતા. હવે મેક્સિકો મંગળવારે બેલ્જિયમ સામે અને પોર્ટુગલ અમેરિકા સામે ટકરાશે. મેક્સિકો 11 જૂને દક્ષિણ આફ્રિકા સામે રમીને પોતાના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે. મેક્સિકોમાં ઘણા વર્ષોથી લોકો ગુમ થઈ રહ્યા છે અને આ આંકડો 1.30 લાખ સુધી પહોંચ્યો છે. મેચ પહેલા સ્ટેડિયમની બહાર ગુમ થયેલા લોકોના પરિવારજનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## આજનું પંચાંગ

**તા. 30/03/2026, સોમવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીક્રમ સંવત** : 2552 **માસ** : ચૈત્ર
**તિથિ**: સુદ :બારસ :07:11, તેરસ સોમ પ્રદોષ
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત
**રાષ્ટ્રિય દિનાંક** : ચૈત્ર: 09 **યોગ** : શૂલ
**કરણ**: કૌવલ **નક્ષત્ર** : મઘા: 14:49
**રાશિ**: સિંહ (મ.ટ.)
**દિવસ** : સામાન્ય - વામન દ્વાદસી, મદન દ્વાદશી, અનંત ત્રયોદશી, વિષ્ણુનો દમનોત્સવ
**સુરતમાં સૂર્યોદય** : 06:35 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:51
**નવકારસી** : 07:23
**પારસી વર્ષ** : 1395 આવા માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 શવ્વાલ માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં**: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ** : સવારે : 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,)**: વિદ્યાર્થીઓને સફળતા મળે. નવુ શિખવામાં અને જ્ઞાનમાં વધારો થાય. પ્રેમમાં ગેર સમજ થાય. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,)**: વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. ઉચ્ચકક્ષાના લોકોની સલાહતી નવી દિશા ખુલે. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,)**: કોઇની જમાનલ લેવી નહીં તેમજ ઉતાવળ અને જોખમથી બચવું. હરીફોથી સાવધાન. નવી તક મળે.

**કર્ક (ડ,હ,)**: વાણી પર કાબુ રાખવો. ઘરમાં વ્યવહારથી મનદુઃખ અને અપમાન જેવું લાગશે.

**સિંહ (મ,ટ,)**: નોકરીમાં નવા ફેરફારથી દોડ-ધામ વધશે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. ગુપ્તભય રહે.

**કન્યા (પ,ઠ,ણ,)**: ઉધાર લેવા-દેવાનું ટાળવું અચાનક ખર્ચા વધશે. આરોગ્ય નરમ રહે. બહાનાં કામની ચિંતા રહે.

**તુલા (ર,ત,)**: અચાનક મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમમાં તાલમેળ વધે. ઇર્ષાળુથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,)**: નોકરીમાં પ્રગતિની સાથે નવી જવાબદારીથી બોજ વધશે. ઘરમાં અશાંતિ રહે. આરોગ્ય નરમ રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ,)**: આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. વિદેશતી શુભ સમાચાર મળે. ધર્મકર્મ થાય.

**મકર (ખ,જ,)**: આગ-અકસ્માત અને ચોર-લુટારુથી નુકશાન થઇ શકે છે. સરકારી કામમાં ધીરજ રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,)**: રોજના કામમાં કંટાળો આવે. ઘરમાં તાલ મેળ ઓછો રહે. સામાજિક જવાબદારી વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,)**: આરોગ્ય બાબતે સભાન બનશો. નોકરીમાં પ્રગતિ થાય. માતાની ચિંતા રહે.

## કોઈ પણ સાલમાં 30 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી અને જવાબદારી તથા હરીફોની હેરાનગતિ વધશે. સમાજમાં તાલમેળ રાખવો પડશે. પરિવારની અપેક્ષા વધશે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહે. સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. મિત્રો વડીલોની મદદથી સામાજિક, કાયદાકીય, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાભ્યાસમાં મદદ થી પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનના કામ પાર પડશે. ઉમરલાયકના વિવાહ તાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડીસેમ્બર, ગુરૂ-શુક્રવાર, 3, 12, 21,30 તારીખે નવા કામ કરવો. જૂન-જુલાઈ રવિ-બુધવાર 2, 11, 20 તારીખે નવા કામ ટાળવાં.